હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૮૩૨, વર્ષ : ૩૫, અંક : ૦૯
૦૧-મે, ૨૦૨૪

# ઉદીચ્ય

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

'પુસ્તકો બારીઓ છે જેમાંથી આપણે બહારની દુનિયામાં ડોકિયુ કરી શકીએ.'
પુસ્તકો સમાજનો 'આયનો'જ નથી, 'બ્યુટી પાર્લર' પણ છે.
ઉત્તમ પુસ્તકો લોક શિક્ષણની 'ટેક્સબુક'ની ગરજ સારે છે.
પુસ્તક એ સંસ્કાર ઘડતરનું પારણું છે, વાંચન એ વ્યક્તિ વિકાસનું બારણું છે.
'લીડર' બનવું હોય તો પહેલા 'રીડર' બનો.

Books are the quietest and most constant of friends;
they are the most accessible and wisest of counselors
and the most patient of teachers.

Charles William Eliot

## આદિવચન

પ્રિય વાચક મિત્રો,

## ૨૩મી એપ્રિલ વિશ્વ પુસ્તક દિવસ અને કોપીરાઈટ દિવસ

યુનેસ્કો દ્વારા વાંચન, પ્રકાશન અને કોપીરાઇટને પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૧૯૯૫ થી ૨૩મી એપ્રિલે વિશ્વ પુસ્તક દિવસ અને કોપીરાઈટ દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. હાલમાં વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં ઉજવવામાં આવે છે. આ તારીખ વિલિયમ શેકસપિયર અને ઈન્કા ગાર્સીલાસો ડે લા વેગાની પુણ્યતિથિ તેમજ ઘણા લોકોના જન્મ અથવા મૃત્યુની પણ છે. વિશ્વ પુસ્તક દિવસ અને કોપીરાઈટ દિવસ એ પુસ્તકો અને વાંચનના આનંદને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ૨૩મી એપ્રિલે ઉજવવામાં આવે છે. ભૂતકાળ અને ભવિષ્યની કડી, પેઢીઓ અને સમગ્ર સંસ્કૃતિઓ વચ્ચેના સેતુ તરીકે. પુસ્તક એ બાળકોનો પરમ મિત્ર છે. જ્ઞાન, લાગણી અને બુદ્ધિના વિનિયોગ માટે ભાષાનો વ્યાપક ઉપયોગ કરીને મનુષ્ય એ જીવન ઉત્ક્રાંતિના ક્ષેત્રે અદ્‌ભૂત સિદ્ધિઓ મેળવી છે. વાંચન એ પુસ્તકનું ઘરેણું છે. પુસ્તક ખરીદવું તેટલું જ મહત્વનું તેનું વાંચન કરવાનું છે. પુસ્તક વાંચન કૌશલ્ય વિશે સારી સમજ કેળવવામાં આવે તો તે વ્યક્તિત્વ જીવન માટે માર્ગદર્શક અને ભોમિયારૂપ થઈ શકે છે. જેમ કેવું અને કેટલું ખાવું તે આરોગ્ય માટે મહત્વનું છે તેમ વાંચન પણ પાચન થાય તો જ અર્થરૂપ છે. પુસ્તકમાં રહેલ એક-એક શબ્દ ખજાનારૂપ છે તેનાથી શબ્દભંડોળમાં વધારો, ઉન્નત સહાનુભૂતિ અને એકાગ્રતામાં સુધારો વાંચન કરતા વાચકોમાં જોવા મળે છે. ૨૩ એપ્રિલ વિશ્વ પુસ્તક દિવસ પુસ્તક વિશે લેખક ચિંતકો, વિચારકો તથા મહાનુભાવોની વિચારકણિકાઓ

- પુસ્તકો એટલે વિચારોના વૃંદાવનમાં ઉભેલા વૃક્ષો.
  – ગુણવંત શાહ
- વિચારની લડાઈમાં પુસ્તકો જ હથિયાર છે. – જ્યોર્જ બર્નાડ શો
- પુસ્તક એટલે વ્યકિતનાં વિચારોનું વસિયતનામું અને લેખકના દિલનો દસ્તાવેજ. – કાકાસાહેબ કાલેલકર
- નર્કમાં શ્રેષ્ઠ પુસ્તકો હોય તો હું નર્કમાં જવા તૈયાર છું.
  – લોકમાન્ય તિલક
- જિંદગી માણવી હોય તો પુસ્તકો સાથે મિત્રતા કરો.
  – ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
- પુસ્તકો વગરનો ઓરડો આત્મા વગરના દેહ સમાન છે. – સિસેરો

પુસ્તકો આપણી જીવનયાત્રાનો ભોમિયો છે અને સોટી કે ચાબૂક વિના શીખવતા શિક્ષકો છે. પુસ્તક એ માનવીના જીવન ઘડતરનું અભિન્ન અંગ છે. આધુનિક ઉપકરણોના માધ્યમના વપરાશમાં વધારો તથા ડિજીટલ ટેકનોલોજીના કારણે મોબાઈલ તથા ઈન્ટરનેટના યુગમાં પુસ્તકોની ખરીદી ઘટી છે પરંતુ તેની વિશ્વસનીયતા અકબંધ જોવા મળે છે. પુસ્તક એ હકારાત્મક જીવન જીવવાની કડી છે. પુસ્તકનું કામ ચાણક્ય જેવું છે જે તમને રાજા બનાવવાની બધી આવડતો આપે પરંતુ પોતે રાજા બનતો નથી. પુસ્તક મનનો ખોરાક છે. પુસ્તકો સંસ્કાર ઘડતરની વેલ સમાન છે. વાચક વાંચનથી સ્વયં સ્પષ્ટ અનોખો તરી આવે છે કારણકે વાંચનને કારણે તમારું જ્ઞાન જ તમને વિશેષ આનંદિત કરતું હોય છે. પુસ્તકોના નિયમિત વાંચનથી જ્ઞાન અને મૂલ્ય આંકવાના તર્કથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, જીવન મહેકાવે છે, આશાવાદી અને ઉત્સાહી બનાવે છે, અનોખું તેજ દિપે છે. ઈર્ષ્યા દૂર થાય, પ્રેમ વધે છે અને માણસાઈ જીવંત રહે છે. સાચા મિત્ર સાચા ગુરૂની ગરજ એક પુસ્તક પૂર્ણ કરે છે.

૧લી મે ગુજરાતનો સ્થાપના દિવસ. 'જ્યાં-જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત' આ પંકિતને સાર્થક કરતા સ્થાપના કાળથી લઈ આજદિન સુધી ગુજરાતીઓનું દેશ-વિદેશમાં ખૂબ જ નોંધપાત્ર પ્રદાન જોવા મળે છે. સમયના ઉતાર-ચઢાવને સહન કરી ગુજરાતની ખમીરવંતી પ્રજાએ તમામ ક્ષેત્રોમાં પ્રગતિ કરી છે. આજના આ ગુજરાત સ્થાપના દિવસની સૌને શુભેચ્છાઓ.

તા. ૦૧-૦૫-૨૦૨૪
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## ગુજરાત કોમન એડમિશન સર્વિસ (GCAS)

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ શિક્ષણના માળખામાં ટેક્નોલોજી સાથેના સમન્વયનું સમર્થન કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ડિજિટલ ઈન્ડિયાની પહેલ સાથે સાંકળીને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે શિક્ષણક્ષેત્રે ઈન્ફર્મેશન ટેકનોલોજીના સમાવેશને પ્રોત્સાહન આપ્યું છે.

ગુજરાત કોમન એડમિશન સર્વિસ (GCAS) એ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત રાજ્યના નિયંત્રણ નીચે આવતી સરકારી યુનિવર્સિટીઓ દ્વારા આપવામાં આવતી વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રવેશની નોંધણીપ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે શરૂ કરવામાં આવેલું એક દૂરંદેશીપૂર્ણ પોર્ટલ છે. આ પોર્ટલ રાજ્ય સરકારના કોમન એડમિશન પોર્ટલ તરીકે સેવા આપે છે, જેમાં એક જ છત્ર હેઠળ આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, રૂરલ સ્ટડીઝ અને અન્ય તમામ વિદ્યાશાખાઓનો સમાવેશ થાય છે. GCAS એ ગુજરાત રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓ, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કોલેજો, ગ્રાન્ટ-ઇન-એઈડ કોલેજો અને પબ્લિક યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન સેલ્ફ ફાઈનાન્સ કોલેજો માટે વન-સ્ટોપ સોલ્યુશન છે.

**મુખ્ય લાભ :**

- વિદ્યાર્થીઓને ઉપલબ્ધ અભ્યાસક્રમોને લગતી માહિતી, તેમજ રાજ્યભરમાં તેમને જે તે અભ્યાસક્રમ સંલગ્ન કોલેજો અને યુનિવર્સિટીઓની માહિતી મેળવવી સરળ બનશે.
- GCAS ને કારણે વિદ્યાર્થી એક જ વખત ફી ચૂકવીને કોઈ પણ યુનિવર્સિટી કે કોલેજના અભ્યાસક્રમો માટે અરજી કરી શકે છે.
- રાજ્યમાં ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લાગતા સમય અને પ્રયત્નોમાં નોંધપાત્ર ઘટાડો.
- ગુજરાત રાજ્યની કોઈ પણ યુનિવર્સિટી કે કોઈ પણ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ અરજી કરી શકે તે માટે સમાન કે એકીકૃત સમયમર્યાદા.

આ પોર્ટલ દ્વારા વિદ્યાર્થી તથા વાલીઓને અલગ-અલગ કોલેજમાં પ્રવેશ ફોર્મ ભરવામાંથી મુક્તિ મળશે અને એક ફોર્મ ભરી પસંદગી આપી શકે છે. જેનાથી સમય અને નાણાં નો બચાવ થશે. દરેક સંભવિત વિદ્યાર્થીઓમાં આ માહિતી પ્રસરે એવી સર્વે લોકોને પ્રાર્થના આ પોર્ટલ ઉપર રજીસ્ટર થવા નીચેની લિન્કમાં જવું. https://gcas.gujgov.edu.in/

## વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી





શ્રી શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં તા. ૨૩-૪-૨૦૨૪ના રોજ 'વિશ્વ પુસ્તક દિવસ'ની ઉજવણી કરવામાં આવી. જોગાનુજોગ તે દિવસે શ્રી માલજીભાઈ ડી. દેસાઈ ફાઉન્ડેશન, ઝીલીયા દ્વારા ગાંધી સાહિત્યના રૂા. ૧૫,૦૦૦/- કરતા વધારે કિંમતના ૧૦૦ ઉપરાંત પુસ્તકો ડૉ. મુકેશભાઈ પ્રજાપતિ (પ્રિન્સીપાલશ્રી, રૂરલ સ્ટડીઝ વિદ્યાશાખા, બી.એમ. શાહ મહાવિદ્યાલય, ઝીલીયા) ના હસ્તે પૂજ્ય મહાત્મા ગાંધી કોર્નર માટે ભેટ આપવામાં આવ્યાં. આ પુસ્તકોનું 'વિશ્વ પુસ્તક દિવસ'ના રોજ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. શ્રી માલજીભાઈ ડી. દેસાઈ ફાઉન્ડેશન, ઝીલીયાનો ગ્રંથાલય પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# કૉલેજ ન્યુઝ

## આંતરરાષ્ટ્રીય પરિષદ




તા. ૪-૫-૬ એપ્રિલ-૨૦૨૪ના રોજ કરુણા સેતુ ટ્રસ્ટ સંચાલિત રત્નપ્રભા નર્સિંગ કૉલેજ, વડનગર અને ક્લિનિકલ રિસર્ચ સૉસાયટીના સંયુક્ત ઉપક્રમે ઉત્તર ગુજરાતમાં પ્રથમ ભવ્ય આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઇ હતી. જેમાં દેશવિદેશથી ૭૦૦ ઓફલાઇન અને ૩૦૦ ઓનલાઇન સહભાગીએ ભાગ લીધો હતો. ૩ દિવસની પરિષદમાં દેશ-વિદેશથી ૩૫ એક્ષપર્ટે હાજરી આપી હતી. આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન રત્નપ્રભા નર્સિંગ કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. રાજેશ જોશી દ્વારા થયેલ હતું.

તા. ૫ એપ્રિલ-૨૦૨૪ના રોજ ઊંઝા નગર સ્થિત સરદાર પટેલ સભાગૃહમાં આંતરરાષ્ટ્રીય પરિષદ આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરકુમાર પોરિયા અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલના કુલસચિવ શ્રીમતી ડૉ. પ્રજ્ઞાબેન ડાભીના વરદહસ્તે કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ સંચાલન શ્રી આઇ. એ. કડીવાલા, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રજીસ્ટ્રાર ડૉ. રોહિત દેસાઇ અને ડૉ. ધવલભાઇ માંડલિકએ હાજરી આપી હતી.

તા. ૬ એપ્રિલ-૨૦૨૪ના રોજ અંતિમ દિવસે ડૉ. રાજેશ જોશી દ્વારા આભારવિધિ પૂર્ણ કરી, અભિનંદન પાઠવ્યા હતા. સર્ટિફીકેટ અને પુરસ્કાર આપી કાર્યક્રમનું સમાનપન કરવામાં આવ્યું હતું.

## જીસીએએસ-પોર્ટલ સેમિનાર



✻ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં તા.૪-૫ એપ્રિલ ૨૦૨૪ ના રોજ ગુજરાત સરકારની સિંગલ વિન્ડો એડમિશન પ્રોસેસ જીસીએએસ-પોર્ટલ અંગેના માર્ગદર્શન માટેનો સેમિનાર કમળાબા હોલમાં યોજાયો હતો. જેમાં ગુજરાત સરકાર દ્વારા NEP-2020 અંતર્ગત કોમન એડમિશન પ્રોસેસ માટે ધો. ૧૨ની પરીક્ષા બાદ કોલેજ કક્ષાએ પ્રવેશ મેળવવા માટે રજીસ્ટ્રેશન કરવા અંગે ડૉ. એ.એલ. સુતરીયાએ સંપૂર્ણ માહિતી આપી હતી. શ્રી સાર્વજનિક કેળવણી મંડળની વિવિધ સંસ્થાઓમા ચાલતા વિવિધ વિભાગોની માહિતી પ્રિ. ડૉ. કાંતિબેન, ડૉ. મેઘાબેન અને ડૉ. હેમલતાબેને પુરી પાડી હતી. આ સેમિનારમાં ૪૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ અને ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજર રહી એડમિશન અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

✻ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં નવા શૈક્ષણિક વર્ષથી કોમન એડમિશન પોર્ટલ આધારિત પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવનાર છે. ધો. ૧૨ની બોર્ડની પરીક્ષા ચાલુ વર્ષે આપેલ હોય એવા વિદ્યાર્થીઓને ધો. ૧૨ બાદ કૉલેજમાં એડમિશન મેળવવા માટે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા GCAS પોર્ટલની રચના કરવામાં આવી છે. ધો. ૧૨ની પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર ફરજિયાત રજીસ્ટ્રેશન કરવાનું હોય તેમજ ધો. ૧૨નું પરિણામ આવ્યા બાદ જરૂરી ડોક્યુમેન્ટસ અપલોડ કર્યા બાદ હેલ્પ સેન્ટર પર ડોક્યુમેન્ટ વેરીફાઈ કરાવી પ્રવેશ માટે આગળની પ્રક્રિયા કરવાની રહેશે. રાધનપુર કૉલેજના પ્રિ. ડૉ. સી.એમ.ઠક્કરે જણાવેલ કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ રાધનપુર કૉલેજમાં હેલ્પ સેન્ટરની રચના કરવામાં આવી છે, જેમાં વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન કરવા માટે અને અન્ય જરૂરી માર્ગદર્શન મળી રહે એવી વ્યવસ્થા કોલેજમાં ઊભી કરવામાં આવી છે આ હેલ્પ સેન્ટરની વિદ્યાર્થીઓ સવારે ૯-૦૦ થી ૨-૦૦ કલાક સુધી મુલાકાત લઈ જરુરી માર્ગદર્શન મેળવી શકે છે.



✻ ગુજરાત સરકારશ્રીએ વર્ષ ૨૦૨૪-૨૫થી ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ લાગૂ કરેલ છે તેને ધ્યાને લઈ શામળાજી પંથકના હાયર સેકન્ડરી શાળાના આચાર્યોની એક બેઠક કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. અજય કે. પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં ડૉ. અજય કે. પટેલે તમામનું હાર્દિક સ્વાગત કરી વિદ્યાર્થી વિનચન, વાણિજ્ય, વિજ્ઞાન, એજ્યુકેશન. કાયદા અને અન્ય વિદ્યાશાખામાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક હોય તેણે પ્રથમ તબક્કામાં તેનું GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. ઉપરાંત સ્કૂલ કક્ષાએથી વિદ્યાર્થીને કેવી રીતે મદદરૂપ થઈ તેને શિક્ષણથી વંચિત ન રહી જાય તે અંગેનાં ખૂબ જ ઉપયોગી સૂચનો કરી NEP અંગે અને વખતોવખત સરકારશ્રી દ્વારા થતા ફેરફારો વિદ્યાર્થી હિતને ધ્યાનમાં રાખી કરવામાં

આવે છે તેમ જણાવ્યું હતું. દિગ્વિજયસિંહ સોલંકીએ કેવી રીતે રજિસ્ટ્રેશન કરવુ અને ઈમેઈલ આઈડી ક્રીએટ કરવું તેની પ્રેકટીકલ કરાવી સરળ રીતે વાકેફ કર્યા હતા. ડૉ. નીતિન રૈંટિયાએ કંઈ કંઈ બાબતોનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરતી વેળાએ ધ્યાન રાખવું તેની સમજ આપી હતી.

## મતદાન જાગૃતિ

શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ.ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝાના એન.એસ.એસ. અને એન.સી.સી. વિભાગ દ્વારા તા.૧૯–૪–૨૦૨૪ના રોજ મતદાન જાગૃતિ અંતર્ગત મતદાન અવશ્ય કરવાની વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી હતી. કોલેજ ના પ્રિન્સિપાલ ડો. રાકેશ રાવે મતદાન નું મહત્વ સમજાવી મતનો સદુપયોગ કરીને લોકશાહીના પર્વને ઉજવવા હાકલ કરી હતી. એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. આર.કે. શાહ અને ડૉ. દિવ્યાબેન ડી. પટેલે મતદાન જાગૃતિ અંગે રેલી યોજીને 'ડોર ટુ ડોર કેમ્પેઇન' દ્વારા લોકોને મતદાન અવશ્ય કરવા માટે સમજાવ્યા હતા.

## રમતોત્સવ

✼ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી દ્વારા કેમ્પસનો રમતોત્સવ તા.૨૬–૧–૨૦૨૪ના રોજ 'વ્યાયામ જ્યોત' આગમનથી પ્રિ.ડૉ. એ.કે. પટેલ અને મંડળના મંત્રી દિલીપભાઈ કટારાની લીલીઝંડીથી, આતશબાજી અને ડીજે ના નાદ સાથે નેશનલ કક્ષાના ખેલાડીઓને સામલે કરી ખુલ્લો મુકાયો હતો. રમતોત્સવ દરમિયાન આર્ટ્સ, બી.એડ્., એસ.આઈ., એમ.એસ.ડબ્લ્યુ., નર્સિંગ કૉલેજના વિદ્યાર્થીઓએ અને સ્ટાફ મિત્રોએ ઉત્સાહપૂર્ણ ભાગ લઇ એથલેટિક્સ, વોલીબોલ, કબડ્ડી, ખોખો, ખેલકુદ, રસ્સાખેંચ, લંગડી, ચેસ વગેરે જેવી વિવિધ રમતોમાં જોડાઇ રમતોત્સવને સફળ બનાવ્યો હતો. તા. ૩૧–૧–૨૦૨૪ના રોજ આ રમતોત્સવ સંપન્ન કાર્યક્રમમાં વિજેતા ખેલાડીઓને કૉલેજના વાર્ષિક દિવસે સન્માનતિ કરી પ્રમાણપત્રો અને ઇનામો એનાયત કરાયા હતા.



✼ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીમાં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા સંસ્થામાં ૧૨મી જાન્યુઆરી સ્વામી વિવેકાનંદજી જન્મ જયંતિ રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણીના ભાગ રૂપે સ્વામી વિવેકાનંદ રમતોત્સવનું આયોજન તા. ૨૩–૧–૨૦૨૪ના રોજ શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં રસ્સા ખેંચ, લીંબુ ચમચી અને સંગીત ખુરશી જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શારીરિક શિક્ષણ વિભાગના પ્રા. મધુબેન ઠાકોર તથા સ્પોર્ટ્સ કમિટીના સભ્ય પ્રા. એચ. એચ. પરમાર તેમજ સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ કડી શહેર સંયોજકશ્રી દર્શિલભાઈ પટેલ અને કવનભાઈ પટેલ સમગ્ર સ્પર્ધા દરમિયાન ઉપસ્થિત રહીને સ્પર્ધાઓ પૂર્ણ કરાવી હતી. કૉલેજના આચાર્યા ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સ્વામી વિવેકાનંદ રમતોત્સવને સફળ બનાવવામાં આવ્યો હતો.

## રોજગાર ભરતી

શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી અને જિલ્લા રોજગાર કચેરી, મોડાસાના ઉપક્રમે માણસાની 'સુરક્ષા સૈનિક સુરક્ષા સુપરવાઈઝર' માટેની અધિકૃત એજન્સી દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં એજન્સી તરફથી ચૌહાણ નરસિંહભાઈ ઉપસ્થિત રહ્યા હતાં. આરંભે ડૉ. સંજય પંડ્યાએ સમગ્ર પ્રક્રિયા સમજાવી હતી અને સમયોચિત માર્ગદર્શન ડૉ. સમીરભાઈ પટેલે આપ્યું હતું. પ્રિ. ડૉ. એ. કે પટેલના માર્ગદર્શન તળે ચાલતી આ પ્રકારની આવશ્યક સેવાઓને વણી લઈ વિવિધ રોજગારલક્ષી ઉપક્રમને ભાગ લેનાર સહુએ બિરદાવ્યો હતો. મંત્રી દિલીપભાઈ કટારાએ પોતાની સ્વકીય પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

## વ્યાખ્યાન



✼ શ્રી અમર જ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં વીસમી વ્યાખ્યાન માળા અંતર્ગત ત્રીજું વ્યાખ્યાન યોજાયું હતું. વડનગર કૉલેજના પ્રિ. ડૉ. દિલખુશભાઈ પટેલે 'જીવનમાં યોગની ઉપયોગિતા' વિશે વ્યાખ્યાનમાં અષ્ટાંગયોગ તેમજ વિવિધ પ્રાણાયામ વિશે માહિતીસભર વ્યાખ્યાન આપ્યું હતું. પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરે સ્વાગત પ્રવચન કર્યું હતું તેમજ વ્યાખ્યાન માળાનો હેતુ સમજાવી વ્યાખ્યાન માળાના સૌજન્યને યાદ કર્યા હતા.

✼ શ્રીમતિ ટી.એસ.આર. કોમર્સ કૉલેજ, પાટણમાં તા. ૧૭–૧–૨૦૨૪ના રોજ 'વિકસિત ભારત@૨૦૪૭' માં યુવાનોનો ફાળો વિષય પર એસ.કે.કૉલેજ ઓફ કોમર્સ હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.જય ત્રિવેદીએ સુંદર વ્યાખ્યાન આપેલ. તેમણે આપણા દેશ માટે યુવાનો કેવી રીતે નિર્ણાયક ભૂમિકા ભજવી શકે તે અંગે વ્યવહારુ ઉદાહરણો સાથે પોતાના વિચારો રજૂ કરેલ હતા. આ કાર્યક્રમ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો.ભૌતિક બી. પ્રજાપતિના નેતૃત્વ હેઠળ યોજવામાં આવેલ હતો.

## વકતૃત્વ સ્પર્ધા



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં કોલેજના પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના અધ્યક્ષસ્થાને તા.૧૬–૧–૨૦૨૪ના રોજ અર્બન હેલ્થ સેન્ટરના સહયોગથી વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વકતૃત્વ સ્પર્ધામાં ૧૪ વિદ્યાર્થીઓએ 'તમાકુ એક દુષણ' વિષય પર ભાગ લીધો હતો. પ્રથમ ત્રણ નંબરને પ્રમાણપત્ર તેમજ ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતાં. નિર્ણાયક તરીકે ડૉ. રેજી જયોર્જ અને ડૉ. સી.વી.રાવલે જવાબદારી સંભાળી હતી.



❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા 'ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા' રાખવામાં આવી હતી. જેમાં પ્રજાપતિ સેજલ–પ્રથમ સ્થાને, પ્રજાપતિ ગ્રીષ્મા–બીજા સ્થાને અને પ્રજાપતિ ધરતી ત્રીજા સ્થાને રહ્યા હતા. જેમને અનુક્રમે ૫૦૧, ૨૦૧ અને ૧૦૧ રૂપિયા રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રિ. ડૉ. હિનાબેન પટેલના સતત માર્ગદર્શન દ્વારા પ્રા. હરસુખ પરમારની દેખરેખ હેઠળ કાર્યક્રમ સફળ રહ્યો હતો.



❊ એન.એમ.શાહ આર્ટ્સ કૉલેજ, શંખેશ્વરમાં ગુજરાત સરકાર અને સેવ કલ્ચર ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા કલ્ચર પ્રિઝર્વેશન પર સંયુક્ત વકૃત્વ સ્પર્ધાનું આયોજન એન.એસ.એસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કૉલેજના આચાર્ય ડૉ. રાજેશ ત્રિવેદીએ વકૃત્વ સ્પર્ધાના વિષયોની માહિતી આપી હતી અને વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી અભિનંદન આપ્યા હતા. પ્રથમ ત્રણ નંબરના વિદ્યાર્થીઓને રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.એસ.એસ. પ્રો.ઓ. ડૉ. રાજેશ રબારી એ સુંદર આયોજન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



❊ ગુજરાત સરકાર અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન દ્વારા કલ્ચર પ્રિઝર્વેશન પર વકતત્વ સ્પર્ધાનું યુનિવર્સિટી અને કૉલેજ કક્ષાએ આયોજન કરવા સંદર્ભે શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના બાઈસેગ હોલમાં તા.૧૯–૧–૨૦૨૪ના રોજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૭ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં અંગ્રેજી વિભાગના ડૉ. પદ્માક્ષી વ્યાસ, ભૂગોળ વિભાગના ડૉ. કૃષ્ણપાલ સોની તેમજ એન.એસ.એસ. વિભાગના પ્રો. ઓફિસર ડૉ. અલ્પેશ પટેલે નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. વિદ્યાર્થીઓએ નિર્ધારિત વિષયો પર મનનીય વકતૃત્વ આપ્યું હતું. સ્પર્ધામાં આયુષી ચૌધરી–પ્રથમ, સાધુ ધવલ–દ્વિતીય, અને પરમાર હર્ષદ–તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધકોમાં પ્રથમ ક્રમે આવેલ આયુષી ચૌધરી યુનિવર્સિટીની વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેશે.



❊ સરકારી વિજ્ઞાન કૉલેજ, થરાદ ખાતે તા. ૧૯–૧–૨૦૨૪ના રોજ  પ્રિ. ડૉ. જગદીશ પ્રજાપતિની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. અને સપ્તધારાના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સાત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

એન.એસ.એસ. પ્રો. ઓફિસર દ્વારા વિષયો (૧) મિશન સ્વચ્છ સાયબર ભારત, (૨) ચારિત્ર્ય નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ, (૩) શીલ સંસ્કૃતિ અને સદાચાર રક્ષા, (૪) વર્તમાન સમયની અનિવાર્યતાઃ મુલ્ય શિક્ષણ, (૫) રાષ્ટ્રીય સેવા યોજનાઃ એક ભારત શ્રેષ્ઠ ભારત, તેમજ સ્પર્ધાના નિયમો વિષે બધાને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ વકતૃત્વ સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. જેમાં એક પછી એક વિદ્યાર્થીઓએ ઉપરોક્ત જણાવેલ વિષયો પર પોતાનું મૌલિક અને છટાદારશૈલીમાં વકતવ્ય આપ્યું હતું.

પ્રિ. ડૉ. જગદીશ એચ. પ્રજાપતિએ પોતાનું પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. જેમાં તેઓએ સ્વામી વિવેકાનંદના દ્રષ્ટાંતો ટાંકીને રાષ્ટ્ર નિર્માણ માટે આવાહન કર્યું હતું. તેઓએ આ સાથે છત્રપતિ શિવાજી, માતા જીજાબાઇ વગેરેના જીવન વિષે વાત કરી સારા નાગરિક બનવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રો.ઓફિસર પ્રો. દેવેન્દ્રભારતી ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રો. ડૉ. નિહાર નિમ્બાર્ક અને પ્રો.ડૉ. ગોવિંદ વારડેએ ફરજ બજાવી હતી. કાર્યક્રમના અંત તરફ જતાં પ્રો. ડૉ. ગોવિંદ વારડેએ આભારવિધિ પ્રગટ કરી હતી અને રાષ્ટ્રગામ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરાયો હતો. આ ઉપરાંત કૉલેજના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.



❊ શ્રીમતી સી.સી.મહિલા આર્ટ્સ અને શેઠ સી. એન. કોમર્સ કૉલેજ, વિસનગરમાં તા. ૧૮-૧-૨૦૨૪ ના રોજ ઉ.શિ. કિમ. કચેરી ગાંધીનગર અને એન.એસ.એસ. વિભાગ તથા કૉલેજના IQACના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સાંસ્કૃતિકના વકતૃત્વ સ્પર્ધા કૉલેજનાં આચાર્ય શ્રી ડૉ.એમ.એફ. પટેલનાં માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. વિભાગના ઓફિસર ડૉ.મહેશભાઈ પટેલ તેમજ મહિલા નોડલ ઓફિસર ડૉ. આશાબેન ચૌધરી દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં મુખ્ય અધ્યક્ષ કૉલેજ મંડળના ટ્રસ્ટી નિકેતુભાઈ મણિઆર અને ડૉ. એમ.એફ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનાં બી.એ., બી.કોમ. અને એમ.કોમ. સેમ-૨, ૪, અને ૬ ના વિદ્યાર્થિનીઓ હાજર રહ્યા હતા. તેમાંથી કુલ સાત સ્પર્ધકો એ જુદા જુદા વિષયોમાં પોતાના વકતૃત્વને રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કિંજલ ચાવડા, દ્વિતીય ક્રમે અમીયા ઝાલા તથા તૃતીય ક્રમ પલક પટેલે પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં પ્રો.કે.કે. ચૌધરી અને પ્રો.કે.કે.મુંજપરા નિર્ણાયકની ભૂમિકા પૂરી પાડી હતી. કાર્યક્રમને સફળ બનાવવા વાઇસ પ્રિન્સીપાલ તેમજ સમગ્ર કૉલેજ પરિવારે જહેમત ઉઠાવી હતી.



❊ મહિલા આર્ટસ કૉલેજ, વિદ્યાનગરી હિંમતનગર ખાતે તા. ૧૮-૧-૨૦૨૪ના રોજ એન.એસ.એસ., ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી ગુજરાત અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પ્રિ. ડૉ. કનૈયાલાલ એલ. પટેલની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ગુજરાત સાંસ્કૃતિક વકતત્વ સ્પર્ધા યોજાઈ. જેમાં ૧૫ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લઈ ચારિત્ર નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ, શીલ સંસ્કૃતિ અને સદાચાર્ય રક્ષા, વર્તમાન સમયની અનિવાર્ય ત્યાં મૂલ્ય શિક્ષણ, રાષ્ટ્રીય સેવા યોજના એક ભારત શ્રેષ્ઠ ભારત અને સ્વચ્છ સાયબર ભારત ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક પદે ડૉ. રોટાબેન જોશી, ડૉ. કુસુમબેન ગાવીત, ડૉ. પ્રકાશભાઈ પટેલે સેવાઓ આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે રાઠોડ પ્રિયાંશી, દ્વિતીય ક્રમે પરમાર રિયા અને તૃતીય ક્રમે પાટીલ એકતા વિજેતા જાહેર થયા હતા. વિજેતાઓને રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર આપી નવાજવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. અરવિંદ એસ. પટેલ અને આભારવિધિ ડૉ. દીક્ષા સાવલાએ કરી હતી. આવા સહ અભ્યાસિક સુંદર કાર્યક્રમના આયોજન બદલ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. ડી. એલ. પટેલ અને ટ્રસ્ટી મહેન્દ્રભાઈ પટેલે આયોજકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



❊ શ્રી કલજીભાઈ આર. કટારા આર્ટ્સ કૉલેજ,શામળાજી તેમજ ગુજરાત સરકાર અને સેવ કલ્ચર, સેવ ભારત ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિથી પરિચિત તથા જાગૃત કરવા માટે તા. ૧૭-૧-૨૦૨૪ ના રોજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ જુદા જુદા સૂચવેલા વિષયોને ધ્યાનમાં રાખીને પોતાના મૌલિક વિચારો પ્રસ્તુત કર્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકપદે સમીરભાઇ એ ઉપસ્થિત રહીને તટસ્થ રીતે નિર્ણય કર્યો હતો. જેમાં પ્રથમ સ્થાન ડામોર નિકેતા, દ્વિતીય મેણાત મૌલિક અને તૃતીય કળબ સુહાનાએ પ્રાપ્ત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ. એ.કે પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું અને સંચાલન પ્રો.ઓ.ડૉ.જાગૃતિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અધ્યાપક મિત્રોએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## શૈક્ષણિક પ્રવાસ

મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીનો તા. ૧૦ થી ૧૩ જાન્યુઆર, ૨૦૨૪ દરમ્યાન કબરાઉ (મોગલ ધામ), ભુજ, સફેદ રણ, માંડવી, વિજય વિલાસ પેલેસ, નારાયણ સરોવર, કોટેશ્વર, માતાનો મઢ તથા અંજારનો શૈક્ષણિક પ્રવાસ યોજાઈ ગયો. આ પ્રવાસની મુલાકાત દ્વારા વિદ્યાર્થિનીઓએ આપણા પુરાતત્વ અને સાંસ્કૃતિક વારસાનો પરિચય મેળવ્યો. પ્રવાસમાં સદર કૉલેજની ૪૫ વિદ્યાર્થિનીઓ અને ૧૫ અધ્યાપકો જોડાયા હતા. તેમજ આચાર્યા ડૉ. હિનાબેન એમ. પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર પ્રવાસનું આયોજન પ્રા. હરસુખભાઈ એચ. પરમાર, પ્રા. ડી. કે. ચૌધરી, પ્રા.



ભારતીબેન પ્રજાપતિ, પ્રા. જીતેન્દ્રસિંહ વિહોલ તથા ડૉ. હસમુખભાઈ સોલંકીએ કર્યું હતું.

## શિબિર



❊ એમ.એમ.ચૌધરી આર્ટ્સ કૉલેજ, રાજેન્દ્રનગર ખાતે તા. ૬ થી ૮ જાન્યુઆરી, ૨૦૨૪ દરમ્યાન ત્રિ–દિવસીય શિબિરનું આયોજન કર્યું હતું. આ શિબિરમાં યુનિવર્સિટીની ૩૦થી વધારે કૉલેજોએ ભાગ લીધો હતો. તેમાં ડી.ડી. ચોક્સી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુરના ૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો આ શિબિરમાં વિવેકાનંદ ચિંતન શિબિર, વ્યક્તિત્વ વિકાસ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ત્રણ ભાગ પાડ્યા હતા. તેમાં પહેલા દિવસે વ્યક્તિત્વ વિકાસમાં નેતૃત્વના ગુણોનો વિકાસ કેવી રીતે થાય તેની વિશેષ માહિતી ડૉ. ગોપાલ પટેલ દ્વારા આપવામાં આવી હતી. બીજા દિવસે વ્યાયામના ફાયદાઓ અને વિવેકાનંદના ચિંતન વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્રીજા દિવસે કારકિર્દી આયોજન વિષયના અનુસંધાનમાં ડૉ. કેશરીસિંહ પરમાર દ્વારા કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ શિબિરમાં વિદ્યાર્થીઓએ જીવન ઉપયોગી વિશેષ માહિતી મેળવી હતી.

❊ શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ તેમજ સંસ્કૃત ભારતી સંસ્થાન, દિલ્હીના ઉપક્રમે સંસ્કૃત વિભાગ દ્વારા દસ દિવસીય સંસ્કૃત સંભાષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું.તા. ૩૦–૦૧–૨૦૨૪ થી ચાલુ થયેલ વર્ગમાં ૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સંભાષણ વર્ગના ઉદ્‌ઘાટન પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ભાષામાં સંચાલન કરવામાં આવ્યું હતું. જેમાં સ્તોત્રગાન, સંસ્કૃત ગરબા, નાટિકા, દિનચર્યા, વાર્તા, સંવાદ વગેરે કાર્યક્રમો રજૂ કરાયા હતા. આ પ્રસંગે કૉલેજના આચાર્ય ડૉ. કનુભાઇ વૈષ્ણવે વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનું મહત્ત્વ સમજાવી આશીર્વચન પાઠવ્યા હતા. સંભાષણ પ્રશિક્ષક શ્રી કલ્પેશભાઈ જોશી એ સંસ્કૃત ભાષાના પ્રચાર–પ્રસાર અર્થે વિદ્યાર્થીઓને આ વર્ગમાં ઉત્સાહપૂર્વક જોડાઈને સંસ્કૃત ભાષાને બોલચાલની ભાષામાં અપનાવવા શપથ લેવડાવ્યા હતા.



❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સહયોગ દ્વારા 'સ્કીલ ઈન્ડિયા શિબિર' પ્રિન્સિપાલ ડૉ. સી.એમ. ઠક્કરના અધ્યક્ષ સ્થાને યોજાઈ. આ શિબિરમાં વક્તા તરીકે સરકારી કૉલેજ, ગાંધીનગરના અધ્યાપક ડૉ. ધવલ નકુમે 'નાણાંકીય આવડત' વિશે, આર.સી. કૉલેજ ઓફ અમદાવાદના અધ્યાપક ડૉ. પાર્થ ભટ્ટે 'કૌશલ સમાજ કુશળ ભારત' વિશે તેમજ રાધનપુર કૉલેજના કોમર્સ વિભાગના અધ્યાપક ડૉ.ચિરાગ રાવલે 'સ્કીલ ઈન્ડિયા, સશક્ત ભારત' વિશે રસપ્રદ અને માહિતીસભર વ્યાખ્યાન આગવી શૈલીમાં આપ્યું હતું. શિબિરની શરૂઆતમાં પ્રિ. ડૉ.સી. એમ. ઠક્કરે મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને સ્કિલ ઈન્ડિયા શિબિરનો હેતુ સમજાવી યુનિવર્સિટીનો આભાર વ્યક્ત કર્યો હતો. ડૉ.ભાવનાબેન બોસમિયાએ ત્રણેય વક્તાઓનો પરિચય આપ્યો હતો.

❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા કૉલેજ, વિજાપુરની રાષ્ટ્રીય સેવા યોજનાની વાર્ષિક શિબિર તા.૬ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી ગામ કણભા મુકામે યોજાઈ. શિબિરમાં કૉલેજની ૫૦ સ્વયંસેવિકાઓએ ભાગ લીધો હતો. સાત દિવસીય શિબિરમાં ગામ સફાઈ, આરોગ્ય, પર્યાવરણ જાળવણી, ગ્રાહક સુરક્ષા, બેટી બચાઓ, સ્ત્રીભ્રુણ હત્યા જાગૃતિ, પ્રાકૃતિક ખેતી, પશુપાલન, વ્યસનમુક્તિ, અંધશ્રદ્ધા નિવારણ જેવા વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. શિબિર દરમ્યાન જુદા જુદા વિવિધ વિષયના તજજ્ઞોમાં ડૉ. કશ્યપ પટેલ ગ્રાહક સુરક્ષામાંથી, ડૉ. આદિત્ય ગોસ્વામી સ્ત્રી રોગ નિષ્ણાંત, જી.બી. પટેલ ખેતીવાડી અધિકારી, કાયદાના નિષ્ણાંત ડૉ. બીનલબેન પટેલ, ઈન્ચાર્જ પ્રિન્સીપાલ લૉ કૉલેજ હિંમતનગર, સામાજિક કાર્યકર મનુભાઈ ચોકસી, FHI ૩૬૦ ગુજરાતના પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર ભરતભાઈ ગોહી જેવા ખ્યાતનામ વક્તાઓએ શિબીરાર્થી તથા ગામજનોને જ્ઞાન પીરસ્યું હતું. શિબિરમાં ગામની વિવિધ સંસ્થાના આગેવાનો તથા ગામજનોનો અભૂતપૂર્વ સહયોગ મળ્યો હતો.

## સ્નેહમિલન સમારોહ



આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, ખેરાલુમાં વાલીશ્રીઓનો સ્નેહમિલન સમારોહ કોલેજના ઓડિટોરિયમ હોલમાં યોજાયો હતો. આ ભવ્ય

સમારોહમાં ૬૦૦ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેળવણી મંડળના ઉપપ્રમુખ અશોકભાઈ દેસાઈ, મંત્રી માનસિંહભાઈ ચૌધરી અને કેમ્પસ ડાયરેક્ટર ભીખાભાઈ ચૌધરી ખાસ હાજર રહ્યા હતા. કૉલેજના પ્રિ. ડૉ. બાબુભાઇ ચૌધરીએ વાલીઓને આવકારતા જણાવ્યું હતું કે શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ માટે વાલીની સક્રિય ભુમિકા જરૂરી છે. ડૉ. ભગવાનભાઈ ચૌધરીએ વાલીઓને પ્રોત્સાહન આપીને વાલી મંડળની રચના કરી હતી. ડૉ. વિનુભાઈ ચૌહાણે સુંદર સંચાલન કર્યું હતું. વિશાળ સંખ્યામાં વાલીઓને પધારેલા જોઈને કૉલેજ પરિવાર આનંદ વિભોર બન્યો હતો.

## સ્પર્ધા



✻ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કૉલેજ, મહેસાણાની વિદ્યાર્થિની મનીષા પરમાર હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા પસંદગી પામી જલંધર યુનિવર્સિટી પંજાબ ખાતે ‘ખેલો ઈન્ડિયા’ બોક્સિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી યુનિવર્સિટી તથા કૉલેજનું નામ રોશન કર્યું છે. મંડળના માનદ્ મંત્રી દિલીપભાઈ ચૌધરી, સહમંત્રી મિલનભાઈ ચૌધરી, કૉલેજના પ્રિ.ડો. સુનીતા સુપહિયા તથા સ્પોર્ટ્સ કમિટીના ડૉ.અશોક તડવી, પ્રો.જ્યોતિ ચૌધરી, ડૉ. ચેતના દેસાઈ તથા ડૉ. હરેશ ગોળે વિદ્યાર્થિનીને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

✻ ગુજરાત સરકારના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના ઉપક્રમે ખેલમહાકુંભની તાલુકા કક્ષાની ખો-ખો બહેનોની સ્પર્ધા તા.૧૬-૧-૨૦૨૪ના રોજ શેઠ જી.સી. હાઈસ્કૂલ,પીલવાઈ મુકામે યોજાઇ હતી. જેમાં શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુર વિજેતા બની હતી. ત્યારબાદ જિલ્લા કક્ષાની સ્પર્ધા તા.૨૩-૧-૨૦૨૪ ના રોજ સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ પાંચોટ, મહેસાણા મુકામે યોજાઈ જેમાં કોલેજની ટીમ રનર્સ-અપ રહી હતી. કૉલેજની ચાર સ્પર્ધકો આંતર ઝોન કક્ષાની સ્પર્ધા માટે મહેસાણા જિલ્લાની ટીમમાં પસંદગી પામી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને તથા શા.શિ.અધ્યાપક મનીષભાઈ ગામીતને કૉલેજ પરિવાર તથા પ્રિ.ડૉ.સુરેશભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.



✻ ૧૧મી રાજ્ય સ્તરીય વાદ-વિવાદ પ્રતિયોગિતા રાષ્ટ્રીય સેમિનાર શ્રીમતી કે.બી. દવે કૉલેજે ઓફ એજ્યુકેશન, પિલવાઈ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું, જેનો વિષય ‘કૃત્રિમ બુદ્ધિમતા અને શિક્ષણ પર અસર’ હતો. જેમાં અતિથિ વિશેષ ડૉ. સુયશ ચતુર્વેદી, ડૉ. પ્રવિણાબેન પટેલ અને ડૉ. શિલ્પાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ૧૧મા રાજ્યસ્તરીય વાદ-વિવાદ પ્રતિયોગિતામાં વિવિધ કૉલેજોના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં તા. ૧૧-૧-૨૦૨૪ના રોજ ડી.ડી. ચોક્સી કોલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુરના તાલીમાર્થીઓએ રનીંગ શિલ્ડ મેળવ્યો, જેમાં વ્યક્તિગત સ્તરે પ્રથમ ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. આ વિજેતા તાલીમાર્થીઓને કૉલેજ તરફથી પ્રમાણપત્ર અને પારિતોષિક અને અન્ય તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

## સબરસ

પુત્ર (પિતાને) : પપ્પા, કારની ચાવી આપો, કૉલેજ જવું છે, ફંકશન છે.

પિતા : કેમ?

પુત્ર : ૧૦ લાખની કારમાં જઈશ તો શાન વધશે.

પિતા : આ લે ૨૦ રૂપિયા, ૩૦ લાખની બસમાં જઈશ તો શાન વધારે વધશે.


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**Hemchandracharya North Gujarat University, Patan**

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian), **Dr. Chanduji Thakor**

Published by : **Registrar,** Hemchandracharya North Gujarat University, Patan.

Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/- કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/-